॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૯**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. મણામં **મનને અતિ વહાલું** ૨. ઠામિ **એક સ્થાને રહીને/કરું છું**

૩. અઈયારસ્સ **અતિચારોનું** ૪. સંકમણે **કચર્યા હોય**

૫. સમણે **સાધુ–મુનિરાજને** ૬. પૈશુન્ય **ચાડી–ચુગલી કરવી**

**(૨) નીચેનામાં માગધી શબ્દ લખી કયા પાઠમાં છે? તે લખો. (૫)**

૧. અવિધિએ પ્રમાર્જના કરવાથી **દુપ્પમજ્જણાએ** **ત્રીજા શ્રમણસૂત્રમાં**

૨. પૌષધને માને નહિ તે **અકિરિયા મિથ્યાત્વ** **૨૫ પ્રકારના મિથ્યાત્વમાં**

૩. ક્ષમાવંત સાધુજીઓની **ખમાસમણાણં** **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં**

૪. ઉપાસના કરું છું **પજ્જુવાસામિ** **સામાયિકના છટ્ઠા પાઠમાં**

૫. આર્ત ધ્યાન ધરવાથી **અવજ્ઝાણાચરિયં** **આઠમા વ્રતમાં**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૭)**

૧. નમસ્કાર સૂત્રના સ્મરણથી શેનો નાશ થાય છે? **અહંકાર, સ્વચ્છંદ બુદ્ધિ આદિ દોષોનો નાશ થાય છે.**

૨. સંજ્ઞા કોને કહે છે? **મોહયુક્ત ઈચ્છાઓને સંજ્ઞા કહે છે.**

૩. મરિચીએ શું કહીને ઉત્સૂત્રની પ્રરૂપણા કરી હતી? **અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે.**

૪. યોનિ કયા જીવોની હોય છે? **પન્નવણા સૂત્ર પદ–૧ માં યોનિ માત્ર પર્યાપ્તા બાદર જીવોની જ બતાવી છે.**

૫. પરઉથાપના એટલે શું? **બીજાને તોડી પાડવા.**

૬. લોભ એટલે શું? **અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા, પ્રાપ્ત વસ્તુ છોડવાના ભાવ ન કરવા.**

૭. શ્રાવકોનું ભોજન કેવું હોવું જોઈએ? **સંયમભાવે અલ્પહિંસક અને સાત્વિક ભોજન હોવું જોઈએ.**

(૫૫)

પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે લખો. (૩૦)

(૧) વ્યાખ્યા લખો. (૫)

૧. મતિ જ્ઞાન **મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ૫ ઈન્દ્રિય તથા મન દ્વારા વસ્તુનું જે યથાર્થ જ્ઞાન થાય તે.**

૨. માર્ગતઃ અંતઃગત **તે શરીરની પાછળની દિશાને જાણનારું અવધિજ્ઞાન.**

૩. પ્રત્યક્ષ **આત્મા અથવા ઈન્દ્રિય દ્વારા જે જ્ઞાન સાક્ષાત્ થાય છે.**

૪. ભવસ્થ કેવળજ્ઞાન **જે મનુષ્યના ભવમાં રહેલા છે તેનું કેવળજ્ઞાન.**

૫. રસનેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત **તે જીભથી આ સાકરનો જ સ્વાદ છે તેવું સાકરના અક્ષરનું જ્ઞાન છે તે રસનેન્દ્રિય લબ્ધિ અક્ષર શ્રુત.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૧૦)**

૧. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કોને હોય? **સંજ્ઞી મનુષ્ય, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય**

૨. મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિનું કારણ શું છે? **શાંતિ, સંયમ**

૩. જ્ઞાનના પ્રકાર લખો. **પ્રત્યક્ષ, પરોક્ષ**

૪. સિદ્ધ કેવળજ્ઞાનના પ્રકાર કયા છે? **અનંતર, પરંપર**

૫. દ્વાદશાંગી સિદ્ધાંત કોના સમાન છે? **આચાર્યની પેટી, ગણિપિટક**

૬. દશ પૂર્વથી ઓછું જ્ઞાન હોય તેનું શ્રુત કેવું હોય? **સમ્યક્ શ્રુત, મિથ્યા શ્રુત**

૭. મતિજ્ઞાનમાં વ્યંજનાવગ્રહને સમજવા માટે કયા દૃષ્ટાંત આપ્યા છે? **પ્રતિબોધક, સરાવલા**

૮. મતિજ્ઞાનમાં જેના છ ભેદ છે અને જેનો કાળ અંતર્મુહૂર્ત છે તે કોણ? **ઈહા, અવાય**

૯. કોની પ્રભા સંપૂર્ણ ઢંકાતી નથી? **સૂર્ય, ચંદ્ર**

૧૦. વૈનયિકા બુદ્ધિથી શું સમજાય છે? **શાસ્ત્રના અર્થ, રહસ્ય**

**(૩) જોડકા જોડો. (૩)**

| **(અ)** | **(બ)** | **જવાબ** |
|---|---|---|
| ૧. તમઃપ્રભા | ૧. ઝાલર | **૪. ત્રાપા** |
| ૨. મહોરગ | ૨. પાલા | **૩. ઢોલ** |

| | | |
|---|---|---|
| ૩. સ્વાતિ | ૩. ઢોલ | **૧. ઝાલર** |
| ૪. વરુણ | ૪. ત્રાપા | **૫. ઉર્ધ્વ મૃદંગ** |
| ૫. સુજાએ | ૫. ઉર્ધ્વ મૃદંગ | **૬. ટોપલી** |
| ૬. રૂદ્ર | ૬. ટોપલી | **૨. પાલા** |

**(૪) નીચેનાનો જઘન્ય–ઉત્કૃષ્ટ વિષય લખો. (૩)**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧. વિજય | **જઘ. ઉત્. ૧૪ રાજલોકમાં કાંઈક ઓછું દેખે. (સંપૂર્ણ લોકનાડીમાં)** | |
| ૨. અંજના | **બે ગાઉ** | **અઢી ગાઉ** |
| ૩. રોઝ | **આંગુલનો અસંખ્યાતમો ભાગ** | **અસંખ્યાતા દ્વીપ–સમુદ્ર** |

**(૫) મને ઓળખો. (૪)**

૧. મારો ક્ષય થતો નથી. **અક્ષર**

૨. હું લબ્ધિવાનને જ મળું છું. **મનઃપર્યવજ્ઞાન**

૩. મારું બીજું નામ મતિ છે. **શ્રુત નિશ્રિત**

૪. હું ક્ષેત્રથી લોકાલોકની વાત જાણું છું. **કેવળજ્ઞાન**

**(૬) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. મતિજ્ઞાન .......... છે અને શ્રુતજ્ઞાન ......... છે. **કારણ, કાર્ય**

૨. મનઃપર્યવ જ્ઞાન નિયમા ........ થી જ હોય. **ક્ષયોપશમ**

૩. જે ........... તથા ........... વાણી પ્રકાશી તે સમ્યક્ શ્રુત. **શ્રુતરૂપે, અર્થરૂપે**

૪. ઋજુમતિ .......... અને .......... બંને હોય. **પડિવાઈ, અપડિવાઈ**

૫. .........., .......... વગેરેની વિશેષતા રહિત જ્ઞાન તે ........ **નામ, જાતિ, અવગ્રહ**

**(આ) ચાર કષાયના આધારે લખો. (૧૦)**

**(૧) યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૩)**

૧. છાણા પર ગારનું લીંપણ કરવું. (**બાંધ્યા**, ઉપચણીયા, વેદ્યા)

૨. કાળ અપેક્ષાએ કષાયના ભાંગા થાય. (**૮૫૦**, ૪૦૦, ૪૫૦)

૩. માનના ગુણ–દોષ જાણ્યા વગર માન કરવું. (**અણાભોગ**, આભોગ, ઉપધિ)

**(૨) વ્યાખ્યા લખો. (૩)**

૧. ચણીયા **કષાયયુક્ત આત્મા કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે તે.**

૨. સંજવલન **યથાખ્યાત ચારિત્ર ગુણની ઘાત કરે એવો.**

૩. અપ્રતિષ્ઠિત **વિના કારણે. માત્ર મોહનીય કર્મના ઉદયથી ક્રોધ થાય તે.**

**(૩) મને ઓળખો હું કોનો કયો ભેદ છું? (૪)**

૧. મારાથી કર્મ નોકર્મ થઈ જાય છે. **છ દળિયામાં નિર્જર્યા**

૨. હું મારા ગાલ પર થપ્પડ મારું છું. **ચાર સ્થાન પર પ્રતિષ્ઠિતમાં આત્મપ્રતિષ્ઠિત**

૩. ઘરેણા માટે લોભ કરે. **ચાર ઉત્પત્તિના કારણમાં ઉપધિ**

૪. મારા ૫૨૦૦ ભાંગા થાય છે. **કષાય**

**(ઈ) ચાર ધ્યાનના આધારે લખો. (૧૫)**

**(૧) અર્થ લખો. (૫)**

૧. પૃચ્છના **શંકાના સમાધાન માટે પ્રશ્ન વગેરે પૂછવા.**

૨. શોચન **સતત ચિંતા/શોક કરવા. દીનતા બતાવવી.**

૩. અસંમોહ **ધર્મના સૂક્ષ્મ ભાવ સાંભળીને ગ્લાનિ ન લાવવી.**

૪. પાયા **આધાર. જેના આધારે જીવ તે ધ્યાનમાં આવે.**

૫. અજ્ઞાન દોષ **મિથ્યા શાસ્ત્રોના સંસ્કારોથી હિંસા વગેરે ધર્મ વિમુખ કાર્યોમાં પ્રવૃત્ત રહેવું.**

**(૨)** ૧) આર્તધ્યાનનો ત્રીજો પાયો, ૨) રૌદ્રધ્યાનનું ત્રીજો પાયો, ૩) ધર્મધ્યાનની ત્રીજું લક્ષણ, ૪) શુક્લધ્યાનનું ત્રીજું લક્ષણ લખો. **(૪)**

૧) **રોગ વગેરે અનિષ્ટોનો વિયોગ ચિંતવવો.**

૨) **ચોરીનું ચિંતન કરવું અને એમાં આનંદ માનવો.**

૩) **ઉપદેશ રુચિ : ધર્મ સાંભળવાથી શ્રદ્ધા–રુચિ થવી.**

૪) **અવ્યય : દેવ આદિના ઉપસર્ગથી ચલિત ન થવું.**

**(૩) નીચેનામાં કેટલા અને કયા ધ્યાન હોય? (૩)**

ક્ષાયિક સમકિતી ગાયમાં **૧, આર્તધ્યાન.**

અભવીમાં **૨, આર્તધ્યાન, રૌદ્રધ્યાન.**

સમકિતી મનુષ્યમાં **૪, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

**(૪) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારો. (૩)**

૧) શુક્લધ્યાન અપ્રમત્ત સંયતિમાં હોય છે. **સાચું.**

૨) આલંબન અશુભ ધ્યાનમાં હોય છે. **ખોટું. આલંબન શુભધ્યાનમાં જ હોય છે.**

૩) ચાર ધ્યાન જ્ઞેય હોય છે. **સાચું.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. વ્રત શેમાં પ્રગતિ કરાવે છે? પચ્ચકખાણ હૈયાને કેવું બનાવે છે?

**વ્રત ગુણસ્થાનમાં પ્રગતિ કરાવે છે. પચ્ચકખાણ હૈયાને કોમળ બનાવે છે.**

૨. પરઠીને આવ્યા પછી શા માટે શેનો કાઉસગ્ગ કરવો? **પરઠીને આવ્યા પછી દોષોની આલોચના કરવા સામાયિકના ત્રીજા પાઠ ઈરિયાવહિયાનો કાઉસગ્ગ કરવો.**

૩. ગંગ શા માટે નિન્હવ થયા? **એક સમયમાં બે ક્રિયા માનવાવાળા.**

૪. કડવા શબ્દ કહેનાર શા માટે ઉપયોગી છે? **તેઓ કર્મ ખપાવવામાં સહાયક બને છે.**

૫. ભોજન માટે ભગવાનની આજ્ઞા શું છે? **ભોજનના પદાર્થોમાં રાગ–દ્વેષ ન કરવો.**

૬. પ્રત્યાખ્યાન ક્રિયા કયા સૂત્રનો અધિકાર છે? **સૂયગડાંગ સૂત્ર શ્રુતસ્કંધ – ૨ અધ્યયન – ૪.**

૭. રોહગુપ્ત કઈ કઈ રાશિ માનતા હતા? **જીવ રાશિ, અજીવ રાશિ, નો જીવ રાશિ નો અજીવ રાશિ.**

૮. અચેત પાણીની ઓળખ કયા સૂત્રનો અધિકાર છે? **અચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ – ૨ અધ્યયન – ૧ ઉદ્દેશક ૭/૮.**

૯. સ્થાવરના કયા જીવો સાથે વેર બંધાતું નથી? **અસંખ્ય અપ્કાય અને પાણીમાં રહેલા અનંત વનસ્પતિ**

૧૦. શ્રાવકે વ્રતમાં શા માટે સંડાસ–બાથરૂમનો ઉપયોગ કરવાનો નથી?

**સંપૂર્ણ અહિંસાનું પાલન કરવા માટે.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ગોશાલકે ભગવાન મહાવીરને કયા કયા નામથી બોલાવ્યા?

**મહામાહણ, મહાગોપ, મહાસાર્થવાહ, મહાધર્મકથી, મહાનિર્માચક.**

૨. બહુપુત્રિકા દેવીએ કેવડું રૂપ બનાવ્યું? **૧૦૦૦ યોજનનું વૈક્રિય રૂપ.**

૩. જીવો શેનાથી ઢંકાયેલા છે? વન કયું છે? કેવું છે?

**આઠ કર્મના આવરણથી અંધારામાં ઢંકાયેલા છે. સંસારરૂપી ભયાનક વન છે.**

૪. સુભદ્રા કઈ નગરીમાં રહેતી હતી? ત્યાં કયું ચૈત્ય હતું?

**સુભદ્રા વારાણસી નગરીમાં રહેતી હતી. ત્યાં આમ્રશાલવન ચૈત્ય હતું.**

૫. સોમા પોતાના આત્માને શેનાથી ભાવિત કરતી રહેશે?

**શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધ વગેરેથી આત્માને ભાવિત કરતી રહેશે.**

૬. અગ્નિમિત્રા કેવી હતી? **ગૃહકાર્યમાં કુશળ અને પોતાના પતિના સુખ–દુઃખમાં સહભાગી હતી.**

૭. સકડાલપુત્રએ ભગવાનને શું ગ્રહણ કરવા માટે આમંત્રિત કર્યા?

**પ્રાતિહારિક, પીઠ, શય્યા અને સંસ્તારક.**

૮. ગોશાલકે ભગવાન મહાવીરના ગુણકીર્તન કરતાં શું કહેવા લાગ્યો?

**હે દેવાણુપ્રિયા! શું અહીં મહામાહણ આવ્યા હતા?**

૯. સુભદ્રા સાધ્વી કેવા થઈ ગયા?

**પાસત્થા, શિથિલાચારી, ખંડિતવ્રતવાળા, આચારભ્રષ્ટ, નિરંકુશ થઈ ગયા.**

૧૦. સકડાલ પુત્ર પાસે કેટલી ગાયો હતી? કેટલા ગોકુળ હતા?

**સકડાલ પુત્ર પાસે ૧૦૦૦૦ ગાયોનું એક ગોકુળ હતું.**

(૧૦)

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. સંયમ **લેવો છે, એવું અંતરથી બોલો, આજ ભલે લઈ ન શકો, ભાવના તો ભાવો,**

**સંયમભાવે કર્મથી તમે હળવા હળવા થાઓ.** સંસારના.

૨. ક્રોધને **કહેજો છોડે આવે લઈ હથિયાર, ઢાલ ક્ષમાની રાખી મેં તૈયાર,**

**કોઈ ગાળ દે, એને પ્યાર દઉં, શક્તિ છતાં ક્ષમા ધરું,**

**પણ ક્રોધી મારે થાવું નથી અને દુર્ગતિમાં હવે જાવું નથી.** માન.

૩. રિદ્ધિ **સંપદા મુનિ કારમી જાણી, દીધી સંસારને પૂંઠ રે પ્રાણી,**

**એ રે પુરુષોની બંદગી કરતા, આઠે કરમ જાય તૂટ રે પ્રાણી ... સાધુજીને ...**

**એક એક મુનિવર રસના ત્યાગી, એક એક જ્ઞાન** ભંડાર.

૪. પથ મેં **હજારો વિઘ્ન ભી, આયે ડિગાને જો અગર, ચાહે સામને શૈતાન હો, વિચલિત ન મેરા ધ્યાન હો,**

**તૂ સૂર્ય હૈ મૈં કમલિની, તૂ ચંદ્ર હૈ મૈં**

કુમુદિની.

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
- FOR BOOKS AND EXAM REGISTRATION.